NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦, ગુજરાત, ભારત

સ્નાતક કક્ષામાં પાસ થયેલ વિધાર્થીઓને માઈગ્રેશન સર્ટીફીકેટ આપવા બાબત...

## -: પરિપત્ર :-

આથી તમામ સ્નાતકકક્ષાના આચાર્યશ્રીઓ/ વિધાર્થીઓને જણાવવાનું કે, સ્નાતકકક્ષામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિધાર્થીઓ અન્ય જગ્યાએ પ્રવેશ મેળવેલ / મેળવવા માટે માઈગ્રેશન સર્ટીફીકેટ ની માંગણી કરે છે.

માઈગ્રેશન સર્ટીફીકેટ મેળવવા માટે વિધાર્થીઓએ નીચે મુજબના શૈક્ષાણિક દસ્તાવેજો નીચેના ક્રમાંક મુજબ જોડવાના રહેશે. જે આચાર્યશ્રીની કચેરીએ ચેક કરી, ત્યારબાદ જ અત્રેની કચેરીએ મોકલી આપવાનાં રહેશે.

(૧) માઈગ્રેશન સર્ટીફીકેટ મેળવવા માટેનું અસલ ફોર્મ (સદર ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરવાની રહેશે).

(૨) માઈગ્રેશન સર્ટીફીકેટ ફી રૂા. ૨૦૦/- ની રીસીપ્ટ ઓરીજીનલ નકલ.

(૩) ફકત આઠમાં સેમેસ્ટર પાસ કર્યાની માર્કશીટની નકલ સાથે પ્રોવિઝનલ પાસીંગ સર્ટીફીકેટ ની નકલ અથવા ટ્રાન્સક્રીપ્ટની નકલ સાથે ડીગ્રી સર્ટીફીકેટની નકલ.

(૪) ટ્રાન્સફર સર્ટીફીકેટ છેલ્લે પાસ કરેલ કોલેજના આચાર્યશ્રી ધ્વારા ઈશ્યુ થયેલ ઓરીજીનલ નકલ.

(૫) કેરેક્ટર સર્ટીફીકેટ છેલ્લે પાસ કરેલ કોલેજના ના આચાર્યશ્રી ધ્વારા ઈશ્યુ થયેલ ઓરીજીનલ નકલ.

(૬) જે કોલેજ / યુનિવર્સીટીમાં પ્રવેશ મેળવા / મેળવેલ હોય, તે કોલેજ / યુનિવર્સીટીનું પ્રવેશ અંગેનું પ્રમાણપત્ર.

ઉપરોકત પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેથી માઈગ્રેશન સર્ટીફીકેટ સમયસર ઈશ્યુ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે.

જા.નં. :નકૃયુ/રજી/પરીક્ષા/યુજી/ ૩૭૪૫-૫૨ /૨૦૨૫,
તારીખ: ૩૦/૦૭/૨૦૨૫.
સ્થળ : નવસારી.

કુલસચિવ

નકલ સવિનય રવાના જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂં:-
આ યુનિવર્સિટીની તમામ મહાવિદ્યાલયોના ડીન/આચાર્યશ્રીઓ તરફ.